# લાલપુર ગ્રુપ ગ્રામપંચાયતનું ગૌચર વનીકરણ માટે અપાતાં વિરોધ વંટોળ

**વનીકરણ મુદ્દે વિવાદ વધુ વકરવાની દહેશત ; ઇડર પ્રાંત કચેરીએ આવેદન માટે ટોળાં ઉમટ્યાં**

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૧૭

ઈડર તાલુકામાં સૌથી મોટી ગ્રામ પંચાયતમાં જેની ગણના થાય છે તે લાલપુર ગ્રુપ ગ્રામપંચાયત નું ગૌચર ખોટા ઠરાવ અને સહીઓ કરી વનવિભાગને વનીકરણ માટે આપી દીધાના આક્ષેપ સાથે વિરોધ વંટોળ શરૂ થયો છે.આ મુદ્દે તાજેતરમાં આવેદન આપવા માટે ઈડર પ્રાંત કચેરી ખાતે મોટી સંખ્યામાં પંચાયત તાબાના ગ્રામજનો ઉમટી પડતાં હલચલ મચી છે.



જિલ્લામાં ચોમાસાની સિઝનમાં વનવિભાગ દ્વારા વનીકરણ ના કામો શરૂ કરવામાં આવ્યા છે.ગ્રામપંચાયતની પૂર્વ મંજૂરી સાથે ગૌચરમાં વનીકરણ માટે તંત્ર કામે લાગ્યું છે ત્યારે ઈડર તાલુકામાં વનવિભાગનું વનીકરણ વિવાદમાં સપડાયું છે.ગ્રુપ ગ્રામપંચાયત માં સમાવિષ્ટ મોહનપુરા,ગંભીરપૂરા, કુશકી અને લાલપુર ના ગ્રામજનો એ ગૌચરની જમીન સરપંચની અજ્ઞાનતા નો ફાયદો ઉઠાવી ખોટી સહી અને ઠરાવો કરી વનીકરણ માટે વનવિભાગને આપી દીધાનો ગંભીર આક્ષેપ કર્યો છે.વનીકરણ નો મામલો વધુ વિવાદ પકડી રહ્યો છે અને તાલુકાના કેટલાક પૂર્વ રાજકીય હોદેદારોએ એમાં ભૂંડી ભૂમિકા ભજવી હોવાના આક્રોશ સાથે ગ્રુપગ્રામ પંચાયતના થયેલ ઠરાવની તપાસ કરવા માટે પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું છે.ગ્રામજનો નો ખુલ્લો આક્ષેપ છે કે ચોક્કસ ઈસમોએ સરપંચની જાણ બહાર ગૌચર વનવિભાગને વનીકરણ માટે આપી દીધું છે ત્યારે આવેદન માટે જે રીતે ટોળાં ના રૂપમાં ગ્રામજનો પ્રાંત કચેરીએ ઉમટ્યા હતાં તે જોતાં આ મામલે યોગ્ય તપાસ નહી થાય તો હજુ વિવાદ વકરી શકે છે.

# ધનસુરા ખાતે 'ગરીબોના બેલી' કાર્યક્રમ યોજાયો

**લાભાર્થીઓને પ્રધાનમંત્રી ઉજ્વલા-૦૨ યોજના હેઠળ કીટ વિતરણ કરાયું**



ધનસુરા, તા. ૧૭

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિનની ઉજવણી નિમિત્તો ગુજરાત રાજ્યના ૪૦૦ થી વધુ સ્થળોએ "ગરીબોના બેલી" કાર્યક્રમ યોજાયો હતો ત્યારે ધનસુરા ખાતે પણ આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું ધનસુરાના જે.એસ.મહેતા સાંસ્કૃતિક હોલ ખાતે આ કાર્યકર્મ નું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં લાભાર્થીઓને સરકારની વિવિધલક્ષી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો જેમાં ગામ લોકો અને ભાજપ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# હિંમતનગરના પ્રોફેસરની ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ શિક્ષક સેલના સદસ્ય તરીકે નિમણૂક

બાયડ, (બ્યુરો ઓફીસ) તા.૧૭



ધી.એચ. એન. એસ. બી.લી. સાયન્સ કોલેજ, હિંમતનગર ખાતે છેલ્લા ૨૭ વર્ષથી વનસ્પતિશાસ્ત્ર વિષયના એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. એમ. એમ. પ્રજાપતિની ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મા. અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ દ્વારા પ્રદેશ શિક્ષક સેલના સદસ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવેલ છે.ગુજરાત પ્રદેશની ટીમના કુલ ૨૧ સદસ્ય પૈકી સાબરકાંઠા જિલ્લામાંથી તેઓશ્રી એક માત્ર સદસ્ય છે.

તેઓની આ નિમણૂકને કેળવણી મંડળના હોદ્દેદારો, જિલ્લાના અને શહેર સંગઠનના ભાજપના પદાધિકારીશ્રીઓ,સમાજના આગેવાનશ્રીઓ તેમજ વિવિધ કોલેજના આચાર્ય અને અધ્યાપક શ્રીઓએ ડો. એમ. એમ. પ્રજાપતિની નિમણૂકને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# રાસાયણિક ખાતરની નોંધણી માટે ઓનલાઈન સિસ્ટમ આવશે

**ઉત્તર ગુજરાતના ખાતર વિક્રેતાઓએ નોંધણી ને અનુસરવું પડશે**

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૧૭

ઉત્તર ગુજરાતમાં રાસાયણિક ખાતરનું વેચાણ કરતાં વિક્રેતાઓએ આગામી સમયમાં ખાતર મેળવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડશે.કૃષિ વિભાગ દ્વારા આ માટે ફટીલાઈઝર ઈન્ડેન્ટ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે.ગાંધીનગર જિલ્લામાં આ પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.જેમાં સફળતા બાદ તેનો અમલ ઉત્તર ગુજરાતમાં થઈ શકે છે.

દરેક જિલ્લામાં સહકારી મંડળીઓ ,ખાતર વિક્રેતાઓ દ્વારા રાસાયણિક ખાતર નું વેચાણ કરવામાં આવે છે.જેમાં ખેતીની સિઝનમાં ખાતરનો કકળાટ કાયમી સામે આવતો હોય છે.ખાતર માટે અત્યારે તાલુકા સંઘ,જિલ્લા સંઘ સમક્ષ સહકારી મંડળીઓ એ માંગણી કરવી પડે છે.જેમાં રાસાયણિક ખાતર કંપનીઓ મારફત ખાતર સપ્લાય કરવામાં આવે છે જેથી ઘણીવાર અછત ઉભી થતી હોય આ સમસ્યા નિવારવા માટે હવે સરકારે ફટીલાઈઝર ઈન્ડેન્ટ સિસ્ટમ અમલ માં મૂકી છે.ગાંધીનગર જિલ્લામાં પ્રાયોગિક ધોરણે તેની શરૂઆત કરવામાં આવ્યા પછી તેનો અમલ સમગ્ર રાજ્ય સાથે ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં થઈ શકે છે.જો આ સિસ્ટમ અમલમાં આવી તો દરેક ગામની સહકારી મંડળીઓ અને રાસાયણિક ખાતરના વિક્રેતાઓ એ પોતાની માંગણી મુજબ ખાતર મંગાવવામાં માટે ઓનલાઈન પ્રક્રિયાને અનુસરવું પડશે.ખાતરના વેચાણમાં પારદર્શિતા લાવવા અને ખેતીની સિઝનમાં કાળાબજાર રોકવામાં આગામી સમયમાં આ સિસ્ટમ કારગત નીવડશે તેવું જણાઈ રહ્યું છે.

# ડીસામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મ દિવસની ઉજવણી નિમિતે રક્તદાન કેમ્પ

**ભાજપ યુવા મોરચા દ્વારા ૭૧ બોટલ રક્ત એકત્ર કરાયું**

ડીસા, તા. ૧૭

ભારતના લોકપ્રિય અને વિશ્વમાં લોકચાહના ધરાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧ મા જન્મ દિવસની ભારતમાં ઠેરઠેર ઉજવણી થઈ રહી છે ત્યારે ડીસા શહેર ભાજપ યુવા મોરચા તરફથી વડાપ્રધાનનું આરોગ્ય તંદુરસ્ત રહે અને સતત જનતાની સેવામાં પોતાનો સમય આપે એવી શુભકામનાઓ સાથે આજે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા, યુવા મોરચાના પ્રમુખ વિજયભાઈ વાઘેલા, નગર પાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ડીસા શહેરના પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર, મહામંત્રી હકમાજી જોશી, રાકેશભાઈ પટેલ, ડીસા શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ જગદીશભાઈ મોદી તેમજ ભારતીય જનતા પાર્ટીના બહોળી સંખ્યામાં કાર્યકરો તથા યુવા મિત્રો હાજર રહ્યા હતા અને ૭૧ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.કાર્યકરોએ રક્તદાન કેમ્પમાં રક્તદાન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી 'નરેન્દ્રભાઈ મોદી તુમ જીયો હજારો સાલ' ના નારાઓ પણ લગાવ્યા હતા.





# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ગાંભોઈમાં રસીકરણ કરાયું



ગાંભોઈ, તા.૧૭

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાતભરમાં કોવિડ-૧૯ રસીકરણ ઝુંબેશ અંતર્ગત ગાંભોઈ ખાતે સિવિલ હોસ્પિટલમાં તેમજ ગાંભોઈ હાઈસ્કુલમાં ૧૮ વર્ષથી વધુ વયના લોકોનો પ્રથમ ડોઝ તેમજ બીજા ડોઝ માટેનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંભોઈ તલાટી કમ મંત્રીશ્રી કુલદીપસિંહ ભાટી, ગ્રામપંચાયતના સભ્યો તેમજ પેરા મેડીકલ સ્ટાફ દ્વારા લોકજાગૃતિના ભાગરૂપે વધુમાં વધુ લોકો રસી મુકાવે તે દિશામાં પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

# શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરામાં શિક્ષક દિનની ઉજવણી થઈ



ધનસુરા, તા. ૧૭

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરા માં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાળકો એ પોતે શિક્ષક બની શિક્ષણ કાર્ય કર્યું હતું અને અંતે બાળકો સાથે સંસ્કૃતિક કાર્યક્રમ કરી ને શિક્ષક દિન એટલે કે ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણન જીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી જેમા આચાર્ય બનેલા ભાઈશ્રી ભવ્ય પ્રજાપતિ અને બેન શ્રી વિશ્વા પટેલ એ સરાહનીય કામગીરી કરી અને આ પ્રસંગે શાળાના બંને વિભાગના આચાર્યશ્રીઓ તેમજ ઓધવ વિદ્યામંદિરના હોદ્દેદાર શ્રીઓ એ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધનસુરામાં વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

ધનસુરા, તા. ૧૭

દેશ ભરમાં વડાપ્રધાન ના જન્મ દિવસ નિમિત્તો વિવિધ કાર્યક્રમો યોજાયા હતા ત્યારે ધનસુરામાં વડાપ્રધાન ના જન્મ દિવસ નિમિત્તે ફ્રૂટ વિતરણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ધનસુરાની આંગણવાડી અને ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના આગેવાનો ઊપસ્થિત રહ્યા હતાધનસુરામાં વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તો વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું



દેશ ભરમાં વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તો વિવિધ કાર્યક્રમો યોજાયા હતા ત્યારે ધનસુરામાં વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે ફ્રૂટ વિતરણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ધનસુરાની આંગણવાડી અને ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ફ્રૂટ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના આગેવાનો ઊપસ્થિત રહ્યા હતા.

# ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ધનસુરાના સરપંચનું પ્રશસ્તિપત્ર આપી સન્માન



ધનસુરા, તા. ૧૭

ધનસુરા ના સરપંચ યશવંતભાઈ પટેલ નું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મદિન નિમિત્તે ધનસુરા માં યોજાયેલ ગરીબોના બેલી સરકાર કાર્યક્રમ ના ઉપક્રમે ઉત્કૃષ્ટ કામગિરી બદલ તેમને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું ધનસુરા માં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ કરી અને તેનો યોગ્ય નિકાલ કરાવવા બદલ જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધનસુરા ના સરપંચ યશવંતભાઈ પટેલ નું સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ જિલ્લા ગ્રામ એજન્સી અરવલ્લી-મોડાસા તાલુકા પંચાયત કચેરી ધનસુરા દ્વારા પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી



ક્રિષા દયનકુમાર ભાટીયા
ગાયત્રીનગર સોસાયટી
બાયડ



રિતુ જયરામભાઇ દેસાઈ
સહજાનંદ પાર્ક સોસાયટી
બાયડ



રોહિત પી.દરજી
બાયડ



વિશ્વાસ ડી. ચૌધરી
એડવોકેટ
નારાયણ નગર સોસાયટી
બાયડ



દર્શિલ ભુપેન્દ્રભાઈ પટેલ
રડોદરા તા બાયડ



પાર્થ શશીકાંતભાઈ પટેલ
ધનસુરા

# તાજપુર ગામમાંથી પટેલ સમાજના યુવાનો દ્વારા ઊંઝા જવા માટે પગપાળા સંઘ નીકળ્યો



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના તાજપુર ગામમાંથી પાટીદાર સમાજના યુવાનો દ્વારામાં ઉમીયાના ધામે પગપાળા સંઘ નિકળ્યો. પ્રાંતિજના તાજપુર ગામમાંથી ઉમિયા પરિવારના પટેલ સમાજના યુવાનો દ્વારા આજે વાજતેગાજતે તાજપુર થી ઊંઝા પગપાળા સંઘ નીકળ્યો હતો તો સવારે ઉમિયા માતાજી ની આરતી ઉતારી કુમકુમ તિલક કરી પટેલ દિલીપભાઈ શામળભાઈના ઘરેથી સંઘને વિદાય આપી હતી તો આ સંઘ ૩ દિવસે ઊંઝા પહોંચી ધજા રોહણ કરી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# પાલનપુરની વિદ્યામંદિરમાં શાળા પ્રવેત્સવ ઉજવાયો

**શિક્ષકોએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી વધાવી લીધા**



પાલનપુર, તા. ૧૭

પાલનપુર શહેરની વિદ્યામંદિર શાળામાં પર્યુષણનું વેકેશન હોવાના કારણે ધોરણ-૬ થી ૮ શાળાઓ બે દિવસ અગાઉ શરૂ થઈ હતી.જેથી શાળામાં અત્યારે અઠવાડીયામાં ત્રણ દિવસ બોલાવી વિદ્યાર્થીઓને ઓફલાઈન શિક્ષણ કોરોનાની ગાઈડલાઈન મુજબ આપવાનું શરૂ કરાયુ છે.જેથી લાંબા સમય બાદ શાળાઓ ખુલતા શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને તિલક કરી મોં મીઠુ કરાવી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# ગરીબ બાળકો માટે ઈનર વ્હીલ કલબ પાલનપુર સિટી દ્વારા શિક્ષા ઉડાન પાઠશાળા શરૂ કરાઈ

પાલનપુર,તા. ૧૭

કોરોના મહામારી ધીમી પડતા તબક્કાવાર સરકાર દ્વારા શાળાઓ શરૂ થઈ છે.અને વિદ્યાર્થીઓ એક અઠવાડીયામાં ત્રણ દિવસ અભ્યાસ કરવા માટે શાળા જાય છે.પરંતુ કેટલાક ગરીબ બાળકો અભ્યાસથી વંચીત રહેતા હોવાથી પાલનપુરની ઈનર વ્હીલ કલબ પાલનપુર સિટીના પ્રમુખ મમતાબેન શાહ સહિતની ટીમ દ્વારા શિક્ષા ઉડાન પાઠશાળાની શરૂઆત ગુરૂવારના રોજ કરવામાં આવી છે.જેમાં બે શિક્ષકોની મદદથી રોજે-રોજ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમીયાન ગરીબ પરીવારના બાળકોમાં શિક્ષણની જ્યોત જગાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવશે.જેમાં શરૂ થયેલી પાઠશાળામાં ઈનર વ્હીલ કલબ પાલનપુર સિટી દ્વારા એક કલાક અભ્યાસ કરાવવામાં આવશે.જેમજેમ વધુ બાળકો આવશે તેમ સમયમાં વધારો કરવામાં આવશે.



શિક્ષણની કિટ તેમજ ઠાકોરદાસ ખત્રી દ્વારા બાળકોને ચપ્પલ આપવામાં આવ્યા હતા.આ અંગે કલબના પ્રમુખે જણાવ્યું હતુ કે અત્યારે ૨૬ બાળકો અભ્યાસ માટે આવે છે. જેમને

આ કાર્યક્રમમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ,સન્ડે પાઠશાળાના રાકેશભાઈ,સહીત ઈનર વ્હીલ કબબના સભ્યો હાજર રહ્યા હતા.